જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૨/૨૦૧૬ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૯૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી ૯૩ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૯૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૯૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૯૩/૧૬**

**ઘાટલોડીયાઃ** મોહનનાથ શંકરનાથ નાથ (રહે મફાભાઇ સાંકાભાઇની ચાલી જાદવનગર મેમનગર) એ તા. ૨૭/૨/૧૬ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૨/૧૬ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે મેમનગર સામ્રાજ્ય ટાવર નજીકથી પોતાની પુત્રી પુજાબહેન (ઉ.વ.૧૩) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી સી જાડેજા ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૯૪/૧૬**

**એલીસબ્રીજઃ** ભાવેશભાઈ ગીરધરભાઈ ચોવટીયા (રહે.સુર્યમ રેસીડન્સી અડાજણ સુરત) એ તા.૨૭/૨/૧૬ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી જીજ્ઞેશભાઈ પટેલ (રહે.ઓફીસ નંબર ૪૦૧ કોમર્શિયલ સેન્ટર સેન્ટર માધવપુરા શાહીબાગ) અને દલસુખભાઈ પટેલ એ ભેગા મળી ડીસેમ્બર ૨૦૧૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન એલીસબ્રીજ ગાંધીગ્રામ રેલવે સ્ટેશન સામે સનય-૨ ત્રીજે માળ ખાતે ભાવેશભાઈની કંપનીના સેટઅપ બોક્ષ નંગ- ૩૨,૦૦૦ તા.૩૧/૧૨/૧૫ થી તા.૩૧/૧/૧૬ તથા ચાલુ માસના ભાડા નક્કી થયા પ્રમાણે રૂપિયા ૬૬,૪૫,૦૦૦/- કંપનીને નહી આપી તેમજ સેટઅપ બોક્ષ નંગ- ૩૨,૦૦૦ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી એન ખોખર ચલાવે છે.

**નરોડાઃ** અરવિંદાબહેન જયંતીલાલ મોદી (રહે.મુનલાઈટ પાર્ક સેન્ટમેરી સ્કુઉલ પાસે નવા નરોડા) એ તા.૨૭/૨/૧૬ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૨/૧૬ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે કેનાલ રોડ વ્યાસવાડી તરફ જવાના રોડ ઉપર નાના છોકરા સાથે સ્ત્રી-પુરૂષ અરવિંદાબહેનને મળ્યા હતા અને પૈસાનુ બંડલ બતાવી આ બંડલ તમે રાખો તેમ કહી સોનાની ચાર બંગડી, સોનાની ચેઈન અને સોનાની વિંટી મળી કિમત રૂપિયા ૧,૩૦,૦૦૦/- રૂમાલમાં બાંધી થેલીમાં મુકવાનો ડોળ કરી અરવિંદાબહેનની નજર ચુકવી યુક્તિપ્રયુક્તિ કરી પાછા આવીએ તેમ કહી દાગીના લઈ છેતરપીંડી કરી પલાયન થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એચ જાડેજા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૯૫/૧૬</u>**

**સેટેલાઈટઃ** કિરણબહેન સુભાષકુમાર સોની (ઉ.વ.૩૭) (રહે.સેટેલાઈટ કોમ્પલેક્ષ માનસી સર્કલ સામે સેટેલાઈટ) તા.૨૭/૨/૧૬ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે સેટેલાઈટ કોમ્પલેક્ષ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એફઝેડ મોટર સાયકલ ઉપર આવેલ (૪૦ વર્ષના આશરાનાં) બે પુરૂષ કિરણબહેનના ગળામાંથી સોનાનું મંગળસુત્ર અને સોનાની ચેઈન મળી કિમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કિરણબહેન સોનીએ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ યુ મસી ચલાવે છે.

**સરદારનગરઃ** જાનકીબહેન હિરેનકુમાર લાલવાણી (ઉ.વ.૩૬) (રહે.શ્યામ વિહાર એપાર્ટમેન્ટ મધરમીલ પાસે જજીસ બંગલોઝ ક્રોસ રોડ બોડકદેવ સેટેલાઈટ) તા.૨૬/૨/૧૬ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે માયા સીનેમા રોડ શ્યામ સુંદર બેકરી નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક હોન્ડા સાઈન મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જાનકીબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જાનકીબહેન લાલવાણીએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી આર પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)